મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૪૮ ટકા
ગાંધીનગર તાપમાન

આજે ગાંધીનગર ઉજવશે 'થર્ટી ફર્સ્ટ'

અનેક ઠેકાણે ડીજે ડાન્સ પાર્ટીના આયોજન : યુવા ધન ડીજેના તાલે થીરકશે : નવ નિર્મિત સોસાયટીઓમાં ટેરેસ ડાન્સ પાર્ટીઓ યોજાશે : નશાખોરી ડામવા અને મહિલા સુરક્ષા માટે પોલિસનો ચાંપતો બંદોબસ્ત રહેશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં રવિવારની સાંજ અત્યંત ધમાકેદાર બની રહેવાની છે. શહેરમાં અઢળક સ્થળે 'થર્ટી ફર્સ્ટ'ની ઉજવણીના આયોજનો કરાયા છે. જેમાં ડીજે પાર્ટીઓ પ્રમુખ છે. શહેરનું યૌવનધન ડીજેના તાલે થીરકશે તો બીજી તરફ શહેરના કેટલાક સેવાભાવી યુવાનો દ્વારા દિવ્યાંગ અને સ્પેશિયલ બાળકોનો ટેલેન્ટ શો જેવા ચેરિટિ કાર્યક્રમો પણ હાથ ધરાયા છે. આ સાથે ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ સંસ્થા દ્વારા નૂતનવર્ષની પ્રભાતે પંચદેવ મંદિરે સૌ પ્રથમવાર અંગ્રેજી વર્ષનું ભારતીય પરંપરા મુજબ સ્વાગત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

પહેલીવાર અંગ્રેજી વર્ષનું ભારતીય પરંપરા મુજબ સ્વાગત થશે

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર સંસ્થા દ્વારા આ વર્ષથી નવો ચીલો ચાતરતા શહેરમાં સૌ પ્રથમવાર અંગ્રેજી નૂતન વર્ષને ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ દિપમાળાથી સ્વાગત કરવાનું આયોજન કરાયું છે. આ માટે તા. ૧લી જાન્યુઆરી સોમવારે સવારે ૬.૩૦ કલાકે શહેરના સુપ્રસિધ્ધ પંચદેવ મંદિરે દિપમાલા કરાશે તથા વિશેષ આરતી પૂજા કરાશે.

થર્ટી ફર્સ્ટની ઉજવણીનું ચલણ હવે ખૂબ વધતું જાય છે અને ગાંધીનગરના અનેક હોટેલ્સ, રિસોર્ટ વગેરે સ્થળે ડીજે પાર્ટીના આયજનો કરવામાં આવ્યા છે. શહેરની જીઆઈડીસી સ્થિત કેમ્બે રિસોર્ટ તથા શહેરના પ્રવેશદ્વાર સમા ચ-૦ સર્કલ નજીક ઈન્ફોસિટી રિસોર્ટ ખાતે પણ ડીજે ડાન્સ પાર્ટીના આયજનો હાથ ધરાયા છે. આ ઉપરાંત કુડાસણ ખાતે સ્પાઈસ એન્ડ હબ, સરગાસણ ચાર રસ્તા નજીક છપ્પન ભોગ, એસ.જી. હાઈવે પર અદાણી શાંતિગ્રામ વગેરે સ્થળે પણ ડીજે ડાન્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાર્ટીઓમાં દારૂ કે અન્ય નશાખોરીનું દૂષણ ના થાય અથવા મહિલાઓ સાથે અભદ્ર વ્યવહાર કે છેડતી જેવી ઘટનાઓ ના સર્જાય તે માટે પોલિસ તંત્રએ પણ વિશેષ તૈયારીઓ કરી છે. થર્ટી ફર્સ્ટનો વધતો ક્રેઝ જોઈ શહેરના કોમર્શિયલ સંકુલોમાં વેપારીઓ દ્વારા પોતાના શો-રૂમ ખાતે ડીજે ડાન્સ તથા સાન્ટાકલોઝ વગેરેનું આયોજન કરી ગ્રાહકોને આકર્ષવા બીડું ઝડપ્યું છે. ગાંધીનગરના અનેક શહેરીજનોએ પણ પોતાના અંગત મિત્રો કે પરિવારજનો સાથે નાની મોટી પાર્ટીનું આયોજન કર્યુ છે. શહેરના વિવિધ ગુડા વિસ્તારો જેવા કે વાવોલ, સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ ઉપરાંત પેથાપુર વગેરે સ્થળોએ વિકેસલ નવનિર્મિત કેટલીક સોસાયટીઓમાં પણ નાની-મોટી ખાનગી ટેરેસ ડાન્સ પાર્ટીના આયોજનો કરાયાં છે. શહેરીજનો ડાન્સ સાથે નૂતન વર્ષને આવકારવા થનગની રહ્યા છે.

યુવાનો ઉજવશે 'અનોખી' થર્ટી ફર્સ્ટ

હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન દ્વારા શહેરની અન્ય યુવા સેવાભાવી સંસ્થાઓના સહયોગથી સે-૧૬માં રંગમંચ ખાતે બપોરે ૨ થી સાંજના ૬ વાગ્યા દરમિયાન 'ઉજવણી-૨૦૧૭' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં દિવ્યાંગ તથા સ્પેશિયલ બાળકોને મંચ પુરું પાડી તેમનો ટેલેન્ટ શૉ યોજાશે તથા વૃધ્ધાશ્રમના વડિલો સહિત તમામને જમાડવામાં આવશે.

શિયાળાનો સમય સ્વાસ્થ્ય માટે સૌથી ઉત્તમ લેખાય છે, આ સમયમાં કરેલ વ્યયામ તથા રમતગમત લાંબા સમયની તંદુરસ્તી બક્ષે છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને શાળાઓમાં પણ આ મોસમમાં રમતોત્સવના ખાસ આયોજન કરાય છે. કુડાસણ ખાતેની ડી.આર. પટેલ પ્રાથમિક શાળામાં આયોજિત રમતોત્સવમાં બાળકોએ સંગીત ખુરશી, કોથળા દોડ, લોટ-ફૂંક, બુક-બેલન્સ, સ્લો સાયકલીંગ, લખોટી ગણવી, લીંબુ ચમચી, બ્લોક ગેમ વગેરે જેવી રમતોનો આનંદ માણ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ બાબુભાઈ પટેલ, મંત્રી રમણભાઈ પટેલ, આચાર્યા મીનાબેન પઢિયાર તથા સમગ્ર શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. રમતોત્સવનું સંચાલન મિત્તલબેન પટેલ તથા ભાવનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

@ગાંધીનગર

● કોકીલા જયપ્રકાશ દ્વારા લેખિત ત્રણ પુસ્તકોનો વિમોચન કાર્યક્રમ સવારે ૧૦.૧૫ થી ૧.૦૦ કલાક દરમિયાન કડી ફાર્મસી કોલેજ ખાતે કરાશે.

● વડનગરા નાગર મંડળ ગાંધીનગર દ્વારા વિવિધ રમતો અને વન ભોજન કાર્યક્રમ રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાશે.

● કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાને અનુરુપ શિબિર સવારે ૧૦ કલાકે કાર્યાલય સે-૧૭ ખાતે યોજાશે.

● સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ દ્વારા શાળામાં અમૃત મહોત્સવમાં સત્કાર સમારોહ સવારે ૯.૦૦ કલાકે યોજાશે અને રાત્રે ૮.૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

● ઈન્ફોસીટી કલબ ખાતે ડી.જે. નાઈટ સાંજે ૭ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.

● અંબા યાત્રિક પરિવાર દ્વારા પર્યાવરણ જાળવો અને પૃથ્વી બચાવોના શુભ સંદેશ સાથે ગાંધીનગરથી અંબાજી સાયકલ યાત્રા સવારે ૯ કલાકે પ્લોટ નં. ૯૪૬/૧, સે-૧ ૩-બી ખાતેથી નીકળશે.

● સિનિયર સિટિઝન કાઉન્સીલ ગાંધીનગર દ્વારા અમૃત મહોત્સવ અને સન્માન કાર્યક્રમ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી સે-૭ ખાતે સાંજે ૪.૦૦ કલાકે યોજાશે.

● ગ્રીન કિતાબ એસ્ટ્રો સ્પિરિચ્યુઅલ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા આધ્યાત્મિક તાલીમ, યોગા, ટોટલ બોડી માઈન્ડ હીલીંગ સહિતના નિઃશુલ્ક વર્ગો સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ વાગ્યા દરમિયાન રવિગીરી આશ્રમ કોબા ખાતે યોજાશે.

● ગુરુ ગોવિંદસીંગના જન્મ જયંતિ પર્વની ઉજવણીના ભાગરૂપે સવારે ૫.૦૦ કલાકે ગુરુ મહારાજનો પ્રકાશ અને કિર્તન, પ્રાર્થના કાર્યક્રમ ગુરુદ્વારા પ્લોટ નં. ૨૫૧ સે-૩૦ ખાતે યોજાશે.

● પાટીદાર જીવન સાથી પસંદગી સેવા કેન્દ્ર દ્વારા જીવનસાથી પસંદગી મેળો સવારે ૯.૦૦ કલાકે શ્રી ઉમિયા માતાજી સંસ્થા સે-૧ ૨ ખાતે યોજાશે.

● સમર્પણ પરિવાર ધ્યાન યોગ પરિવાર દ્વારા 'ચૈતન્યની ગંગા' સાંજે ૭ થી ૧૦ કલાક દરમિયાન રામેશ્વર મંદિર સંકુલ સે-૩ ખાતે યોજાશે.

સે-૬ અને ૭માંથી પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગ જપ્ત

ગાંધીનગર, તા.૩૦

મનપાની પ્લાસ્ટીક વિરોધી દળ દ્વારા શહેરના વિવિધ શોપીંગ સેન્ટર્સ ખાતે દરોડા પાડી પ્રતિબંધિ પ્લાસ્ટીક બેગનો જથ્થો જપ્ત કરવાની ઝુંબેશ વધુ કડક બનાવવામાં આવી છે. દળના અધિકારી મહેશ મોડની ટીમે આજે સેકટર-૬ અને સેકટર-૭ ખાતે દરોડા પાડી ૨૩ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગનો જથ્થો જપ્ત કરી લીધો છે. તો બીજી તરફ ચાની કિટલીમાં વપરાતા પ્લાસ્ટીક કપ પણ વિવિધ કિટલીઓમાં જપ્ત કર્યા છે. ૭૦૦ જેટલા પ્લાસ્ટીક કપ જપ્ત કરાયા છે. આ ઝુંબેશ હજુ કડક બનાવવામાં આવશે તેમ અધિકારી મહેશ મોડે જણાવ્યું છે.

થર્ટી ફર્સ્ટમાં દારૂની રેલમછેલ કરવા

ભંગારની કોથળીઓની આડમાં લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો પકડાયો

ચિલોડા પોલિસે વોચ ગોઠવી ચંદ્રાલા પાસેથી દારૂનો જથ્થો ભરેલી ટ્રક સાથે એકને દબોચી લીધો : રૂ. ૧૮.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૩૦

થર્ટી ફર્સ્ટમાં વિદેશી દારૂની રેલમછેલ કરવા મોટા મોટા બુટલેગરોએ બીજા રાજયોમાંથી ગુજરાતમાં દારૂ ભરેલા ટ્રકોની ગેરકાયદે હેરાફેરી શરુ કરી દીધી છે. ચિલોડા પોલિસે બાતમીને આધારે ગઈ રાત્રે ચંદ્રાલા પાસે વૉચ ગોઠવીને દારૂનો જથ્થો ભરેલી ટ્રક સાથે એક શખ્સને પકડી પાડયો હતો. પ્લાસ્ટીકના ભંગારની કોથળીઓ નીચે દારૂનો જથ્થો સંતાડીને ટ્રકમાં લવાઈ રહ્યો હતો. ચિલોડા પોલિસે ગુનો દાખલ કરી આરોપીની ઉંડી પુછપરછ શરુ કરી છે.

ચિલોડા પી.આઈ. નિરજ પટેલને ગઈ રાત્રે ચોકકસ બાતમી મળી હતી કે પ્રાંતિજ તરફથી આવતી આર.જે. ૨૭ જી ૯૭૨ નંબરની ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો છે. આ ટ્રક ચંદ્રાલા થઈ ચિલોડા તરફ જનાર છે. આ બાતમી આધારે ચંદ્રાલા પાસે નિરજ પટેલ તેમની ટીમ સાથે વોચમાં ગોઠવાઈ ગયા હતા અને ત્યાંથી નીકળેલી બાતમીવાળા નંબરની ટ્રક પસાર થતા તેને ઉભી કરાવી પકડી પાડી હતી. ટ્રકમાં પ્લાસ્ટીકના ભંગારની કોથળીઓ નીચે દારૂની પેટીઓ સંતાડવામાં આવી હતી. ઉદેપુરના શંકર ઉર્ફે સુરેશ માનાજી ગાડરી નામના શખ્સની ૨૪૪ પેટી વિદેશી દારૂ તથા ૭ લાખની ટ્રક મળી રૂ.૧

૮,૭૨,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ચિલોડા પોલિસે ઉંડી પુછપરછ શરુ કરી છે. સઘન પુછપરછ માટે કોર્ટમાં રજુ કરતા કોર્ટે આરોપીના ૧લી જાન્યુઆરી સુધીના રિમાન્ડ મંજુર કર્યા છે.

એલસીબીની ટીમના ડભોડા અને પાનસરમાં દરોડા

ડભોડા રેલવે સ્ટેશન સામેથી તાડી વેચતા એકને પકડયો પાનસરથી વરલી મટકાનો જુગાર રમાડતા એક ઝડપાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર એલસીબીની ટીમો દ્વારા જિલ્લા વિસ્તારમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સદંર બંધ કરાવવા દોડતી કરવામાં આવી છે ત્યારે આજે જિલ્લામાં બે અલગ અલગ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. ડભોડા રેલવે સ્ટેશન સામેથી તાડી વેચતા એક શખ્સને પકડયો છે તો બીજી તરફ કલોલના પાનસર ખાતે ખુલ્લેઆમ વરલી મટકાનો જુગર રમાડતા એક શખ્સને પકડી પાડવામાં આવ્યો છે.

એલસીબી પી.આઈ. જે.ડી.

પુરોહીતની એક ટીમ બાતમીના આધારે ડભોડા રેલવે સ્ટેશન સામે છાપરામાં દરોડો પાડી તાડીનું વેચાણ કરતા રમેશ અબ્બાસાઈલુ મુદીરાજને ૧૦ લીટર તાડી સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ એલસીબીની બીજી ટીમે બાતમીને આધારે કલોલ તાલુકાના પાનસર ગામે ખમલાય સોસાયટીના નાકે દરોડો પાડી વરલી મટકાનો જુગાર રમાડતા બળદેવ કેશવ પટેલને રૂ. ૧૮૯૦ રોકડ સાથે પકડી પાડયો છે તેની સામે પણ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બાપુ નોલેજ મેડીકલ-નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓ મુકિતધામની મુલાકાતે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર-માણસા માર્ગ પર આવેલ બાપુ નોલેજમાં મેડીકલ નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ શહેરના સે-૩૦ ખાતે આવેલ મુકિતધામની મુલાકાત લીધી હતી. જેમાં વિદ્યાર્થીનીઓ મુકિતધામ ખાતેની લાયબ્રેરી અને તેની વ્યવસ્થા પશુ-પક્ષીને રાખવાની વ્યવસ્થા તથા તેમની કાળજી લેવાની ઉત્તમ વ્યવસ્થા, ગાર્ડન, પ્રાણી સંગ્રહાલય, વિવિધ મૂર્તિઓ, ચબુતરાઓ, ફુવારાઓ, અનેક પ્રકારના પક્ષીઓ જોઈ અભિભૂત થઈ હતી જયારે મુકિતધામની સ્વચ્છતા જોઈ ખુબ ઉત્સાહીત થયા હતા. મુકિતધામ સ્ટાફ અને તેઓના બાળકો સાથે તેમણે ખુબ આનંદ કર્યો હતો. મુકિતધામના સ્ટાફ અને સેવક ચંદુભાઈ કિશોર, વિજયભાઈ ચૌધરી અને ઈશ્વરભાઈ ઠાકોરે માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું.

કૈલાશ માનસરોવર સેવા સમિતિ દ્વારા સ્નેહમિલન અને સન્માન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર (ગુડા વિસ્તાર સહિત)માં રહેતા અને કૈલાશ માનસરોવરની યાત્રા જઈ આવેલ દરેક યાત્રિકોનું સ્નેહમિલન અને સમિતિની વાર્ષિક સામાન્ય સભાનો કાર્યક્રમ તા. ૭-૧-૨૦૧૮ને રવિવારના રોજ સાંજના ૪.૦૦ કલાકે શ્રી વૈજનાથ મહાદેવ મંદિર, સે-૨૧, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. તો સમિતિના દરેક સભ્યોએ અચૂક સમયસર હાજર રહેવા સંસ્થાના પ્રમુખે જણાવ્યું છે. ગાંધીનગરમાં રહેતા અને પાંચ કૈલાશની યાત્રા પૂર્ણ કરેલ તેમજ પગપાળા નર્મદા પરિક્રમા પૂર્ણ કરેલ સમિતિના સભ્યોનું સન્માન કરવાનું હોઈ, આવા સભ્યોએ તેની આધાર સાથેની માહિતી તેમજ સ્નેહમિલનમાં દરેક સભ્યના પરિવારના કેટલાક સભ્યો હાજર રહેનાર છે તેની સંખ્યા મોડામાં મોડા તા. ૨-૧-૨૦૧૮ સુધીમાં મો.નં. ૯૪૨૭૪૧૯૦૧૨ પર અચૂક કરવાની રહેશે.

ચિરવિદાય

● સ્વ. મંગુબેન જુહાજી ઠાકોર, ઉ.વ. ૮૦

બીબીએ કોલેજ દ્વારા વ્યકિતત્વ વિકાસ બાબતે વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ)ના તૃતીય વર્ષનાં વિદ્યાર્થીઓ માટે તેમની સફળ કારકિર્દીના ઘડતર તેમજ શ્રેષ્ઠ નાગરિક બનવા માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હિમાંશુ ચોધરી દ્વારા વિદ્યાર્થીઓને પ્રેકટીકલ અલગ અલગ કાર્યો દ્વારા લક્ષ્યાંક નક્કી કરવા બાબતે તેમજ તે મેળવવા આડે આવતા અવરોધો કેવી રીતે દુર કરવા તે બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેજ તરફ થી ડો.આશિષ ભુવા દ્વારા મુખ્ય વક્તાને આવકારવામાં આવ્યા હતા.

હિમાંશુભાઈ દ્વારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દીના ઘડતર માટે પહેલા આંતરિક રીતે વ્યકિતનો વિકાસ થાય તેમજ તે પોતાના ધ્યેયને પામવા કેવી રીતે અગ્રેસર થઈ શકે તે બાબતે તલસ્પર્શી માહિતી આપવામાં આવી હતી. તેઓ એ વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુ માટેની તૈયારી બાબતે પણ ખુબ ઉપયોગી માર્ગદશન આપ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરની બીબીએ કોલેજ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ તેમજ ઈન્ટર્નશીપ બાબતે વર્ષપર્યન્ત પ્રયત્નશીલ રહે છે. સમગ્ર વર્કશોપનું સફળતાપૂર્વક આયોજન કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, ડો. આશિષ ભુવા, પ્રો. પ્રજ્ઞેશ નવલખા તેમજ ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવ્યું હતું.

રેડિયન્ટ સ્કૂલમાં વાર્ષિક રમતોત્સવની ઉજવણી

ગાંધીનગરના સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં તા. ૨૬-૧૨-૨૦૧૭થી ૩૦-૧૨-૧૭ સુધી વાર્ષિક રમતોત્સવ-સપ્તાહની ભારે ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષણની સાથે સાથે શારીરિક સબળતા ઉપરાંત ખેલદીલી, સમયસૂચકતા, ચપળતા, ઝડપ, ત્વરિત નિર્ણય શકિત વગરે જેવા ગુણો પણ જીવન-ઘડતર માટે અતિ આવશ્યક છે. આ બાબતને પ્રાધાન્ય આપતાં વિદ્યાર્થીઓમાં મન સાથે તનને તંદુરસ્ત બનાવી રમત-ગમત ક્ષેત્રમાં પણ પોતાની પ્રતિભા ખિલવવાના હેતુસર ધોરણ-૧ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ ભાઈઓ-બહેનો માટે દોડ, કબડ્ડી, વોલીબોલ, લીંબુ-ચમચી, રસ્સાખેંચ, લાંબીકુદ, ઊંચીકૂદ, ગોળાફેંક, ચક્રફેંક, સ્લો સાયકલીંગ વગેરે જેવી વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. રેડ, બ્લુ, ગ્રીન અને ઓરેન્જ એમ કુલ ચાર હાઉસમાં વિદ્યાર્થીઓએ પોતાના હાઉસને વિજેતા બનાવવા માટે પોતાની અંદર રહેલ શારીરિક કૌશલ્યોનો ઉપયોગ કરી ખેલદીલી પૂર્વક જે-તે રમતમાં ભાગ લઈ મેદાનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ હતું. સંસ્થાના મેનેજીંગ ડાયરેકટર કમ પ્રિન્સીપાલ જી.ટી. શનિયારા તથા કેમ્પસ ડાયરેકટર કમ પ્રિન્સીપાલ જે.બી. વામજાએ વાર્ષિક રમતોત્સવની શરૂઆતમાં સૌને વિજેતા થવા શુભકામનાઓ પાઠવી હતી તેમજ રમતોત્સવના અંતે વિજેતા સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા. સદર વાર્ષિક રમતોત્સવ મુખ્ય વ્યાયામ શિક્ષક ચિંતન બી. પટેલના આયોજન તેમજ માર્ગદર્શન હેઠળ કોઈ પણ પ્રકારની શારીરિક હાનિ વિના પૂર્ણ થયો હતો. જેમાં તમામ વિદ્યાર્થીઓમાં આનંદની લહેર જોવા મળી હતી.